મે ૨૦૧૩


કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

હુર્રરે.....
જાતે બનાવો પોકેટ
સ્ટોરી બુક !
પાના નં.- ૯ થી ૧૨

## રજા....એ.... મજા!!!



## સંપાદકીય

બાળમિત્રો,

ઉનાળો આવ્યો, રજા લાવ્યો
સરસ મજાની મજા લાવ્યો...

વાત તો ખરી જ છે ને ! રજા હોય એટલે મજા જ હોય, પછી ભલે ને ધોમ ધખતો ઉનાળો હોય કે થથરાવી નાખતો શિયાળો હોય. મજા છોડે એ બીજા ! અને એમાંય સરસ મજાની વાર્તાઓ વાંચવાની મળી જાય તો તો રહ્યું જ શું બાકી!

હા, આ અંકમાં પણ મજેદાર વાર્તાઓ છે. સાથે સાથે રમત ગમત પણ ખરી જ. એટલું જ નહીં, તમને રસ પડે એવું બીજું પણ ઘણું ઘણું આમાં છે.

તો આવો, રજાની મજામાં વધારો કરતો આ ખાસ અંક માણીએ, 'રજા...એ...મજા'

-ડિમ્પલ મહેતા

# રજા....એ.... મજા!!!

## અનુક્રમણીકા


૧ મીઠી યાદેં
૨ ઇલાયચીકુમાર
૪ પૈસા કરતા વ્યક્તિની કિંમત વધુ
૫ વાત્સલ્યમૂર્તિ પ્રતિમા
૬ દાદાજી કહે છે...
૭ ચિંતવે એવું થાય
૧૧ ફૂડ કોર્નર
૧૨ ચાલો રમીએ...
૧૪ મનગમતી વાર્તા
૧૬ દયાનંદ સરસ્વતી
૧૭ કિડ્સ કેમ્પની ઝલક


# અક્રમ એક્સપ્રેસ


તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૫, અંક : ૯
સળંગ અંક : ૫૭
મે ૨૦૧૩



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# મીઠી યાદેં



એક ભાઈનો પ્રસંગ છે. એમણે ત્યારે નવું નવું જ્ઞાન લીધેલું હતું. નીરુમા માટે એમને અત્યંત ભક્તિ અને ખેંચાણ રહ્યા કરતું. જ્ઞાન લીધાને બે-ત્રણ મહિના થયા હશે.

એક વાર એમને પદ્માવતી માતા સપનામાં આવ્યા. સાક્ષાત્ પદ્માવતી મા. લાલ ચૂંદડી ઓઢેલી અને બહુ જ રૂપાળા. એ ભાઈએ માતાજીને પગે લાગીને આશીર્વાદ લીધા. જેવું માથું ઉપર કર્યું ત્યારે માતાજીએ એમના માથે હાથ મૂકી આશીર્વાદ આપતાં કહ્યું, "જા, અમે તારી બ્રહ્મચર્યની જવાબદારી લઈએ છીએ."

એ ભાઈ તો સવારે ઊઠીને સીધા નીરુમા પાસે ગયા અને એમને સપનું કહ્યું. નીરુમા સપનું સાંભળીને ખૂબ રાજી થયા. ભાઈને આશીર્વાદ આપતાં એ બોલ્યા, "બહુ નસીબવાળા હોય ત્યારે દેવ-દેવીઓ સપનામાં આવે, અને સપનામાં આવીને આવા આશીર્વાદ આપી જાય."

થોડા દિવસો પછી એ ભાઈને ફરી પદ્માવતીમા સપનામાં આવ્યા. એ સપનામાં સીમંધર સ્વામી ભગવાન અને દાદા ભગવાનનો મોટો ફોટો હતો. એની ડાબી બાજુએ પદ્માવતી માતા લાલ ચૂંદડીમાં અને જમણી બાજુએ નીરુમા બેઠા હતા. પદ્માવતીમાને પગે લાગીને એ ભાઈએ પૂછ્યું, "મા, તમે આટલા દિવસોમાં દેખાયા કેમ નહીં ? ક્યાં જતા રહેલા ?"

આવું બે - ત્રણ વાર પૂછ્યું ત્યારે માએ જવાબ આપતા કહ્યું, " હું તો તારી પાસે જ છું. કેમ આવું કહે છે ? તારી નજીક તો છું."

ભાઈને કંઈ સમજણ ન પડતાં ફરી પ્રશ્ન પૂછ્યો કે, "મા, તમે ક્યાં વસો છો ?"

ત્યારે પદ્માવતીમા મીઠું હસ્યા અને બોલ્યા, "તારી સાથે આ નીરુમા છે ને, એ નીરુમામાં જ કાયમ માટે અમારો વાસ થઈ ગયો છે હવે."

આ સાંભળીને એ ભાઈને આનંદ આનંદ થઈ ગયો. માના ચરણોમાં માથું મૂકી પગે લાગ્યા અને સપનું પૂરું થયું.

ત્યાર બાદ નિરંતર તેમને નીરુમામાં પદ્માવતી મા જ દેખાયા કરે, એમને નીરુમાની ગજબની ભક્તિ શરૂ થઈ ગઈ અને નીરુમા માટે એમને ખૂબ અહો અહો રહ્યા કરતું.

# ઈલાચીકુમાર

ઈલાવર્ધન નામના એક નગરમાં જીતશત્રુ રાજા રાજ્ય કરતા હતા. એ રાજ્યમાં ધનદત્ત નામે શેઠ રહેતા હતા. એમનો પુત્ર ઈલાચીકુમાર કળાવાન, તેજસ્વી અને રૂપસુંદર હતો. પુત્ર યુવાન થયો. એક દિવસ એ રસ્તામાં નટડીનો (અલગ અલગ પ્રકારના નૃત્યો કરી જીવન નિર્વાહ કરતી કોમ) નાચ જોવા ઊભો રહ્યો. નાચ કરતા, નટડી તેને વધારે ગમી ગઈ. તે ભાન ભૂલ્યો. એ નટડીને મેળવવાની તેને ઝંખના જાગી, તેની પાછળ તે ઘેલો બન્યો. તેના પિતાએ તેને ઘણું સમજાવ્યો, પણ તે માન્યો નહીં અને નટના ટોળા સાથે ચાલી નીકળ્યો.

સમય જોતા ઈલાચીએ નટીના પિતાને નટી સાથેના લગ્નની વાત કરી. પિતાએ કહ્યું કે, આ કળા શીખીને જે રાજાને ખુશ કરી, એમની પાસેથી દાન મેળવે તેને જ આ કન્યા પરણાવાય એવો અમારો કુળરિવાજ છે. તમે તે પ્રમાણે કરો તો તમને કન્યા મળશે.


ઈલાચી ત્યાં રહ્યો અને નટ કળા શીખ્યો. લોકોને ખુશ કરવા એ તેને સાધારણ વાત લાગી એટલે રાજાને ખુશ કરવા તેણે હામ ભીડી.

અથાગ પરિશ્રમ પછી આખરે એ દિવસ આવી પહોંચ્યો. નગરના વિશાળ ચોકમાં ખેલ રખાયો. રાજા અને પ્રજા જોવા એકઠાં થયા. ઈલાચીકુમાર વિવિધ નૃત્યો બતાવવા લાગ્યો. ખેલ જોતી પ્રજા મુગ્ધ બની ગઈ, પણ જ્યાં સુધી રાજા દાન ન આપે, ત્યાં સુધી બધું નકામું ! રાજાને ખુશ કરવા ઈલાચીએ વંશનૃત્ય શરૂ કર્યું, નટકળાનું એ સૌથી ઊંચું નૃત્ય ગણાય. નટડી ઢોલક વગાડે અને ઈલાચી નાચે. જોનારા સૌ મોંમા આંગળા નાખી ગયા.

રાજા નટડીનું રૂપ જોઈ એના પર મોહી પડ્યા. ઈલાચીનો નાચ જોવાને બદલે તેઓ નટીને જોવામાં મસ્ત બન્યા. એ નટ કન્યા રાજાની આંખમાં વસી ગઈ. રાજાએ વિચાર કર્યો કે, જો આ નટ, વાંસ ઉપરથી પડે ને મરે તો હું આ કન્યાને મેળવું. એટલે એ એમ ને એમ બેસી રહ્યા, રાજા દાન દેતા નથી અને નટ દાનની આશામાં નાચે જાય છે. ત્રણ-ત્રણ વાર તે વાંસ ઉપર ચડ્યો ને જુદા જુદા ખેલ તનતોડીને કર્યા, પણ રાજા જરાય પલળ્યા નહીં. નટ રાજાના મનની વાત સમજી ગયો.

વાંસ ઉપર રહ્યા રહ્યા એણે દૂર દૃષ્ટિ કરી. એક અદ્ભુત દૃશ્ય તેની નજરે ચડ્યું. એક ઘરના આંગણે ઊભા રહીને મુનિમહારાજ ગોચરી વહોરાવતા (ભોજન લેતા)હતા. એક સુંદર સ્ત્રી એમને વહોરાવી રહી છે. નીચા નયન ઢાળી મુનિરાજ વહોરી રહ્યા હતા. સ્ત્રીના હૃદયમાં ભક્તિભાવ હતો અને મુનિના અંતરમાં વૈરાગ્ય. આ જોતાં જ ઈલાચી ત્યાં ને ત્યાં થંભી ગયો. ભાન ભૂલેલી તેની વૃતિઓને જાણે બોધ મળ્યો. તેને થયું, આના કરતા એ માર્ગે કેટલી શાંતિ છે. ક્યાં એક સ્ત્રી મેળવવા ખાતર આવી ચંચળતા ને ક્યાં એ આત્માની શાંત દશા ? એ ધ્યાને, એ વિચારે ઈલાચી અંતર્મુખ બન્યો (આત્મા સબંધી વિચારો આવવા લાગ્યા). આત્મમાર્ગે વેગપૂર્વક આગળ વધવા લાગ્યો. શ્રેણીઓ ચડવા લાગ્યો (સ્થિતિ ઊંચી જવી). કર્મનો ક્ષય થયો અને ત્યાં ને ત્યાં જ તેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

દુદુંભિઓ વાગી. દેવોએ ફૂલાં વરસાવ્યા. કેવળજ્ઞાની ઈલાચીકુમારે બધાને બોધ આપ્યો. રાજા-નટ-નટડી આદિ સર્વ બોધ પામ્યા. દીક્ષા લઈ અને મોક્ષે ગયા.



# પૈસા કરતા વ્યક્તિની કિંમત વધુ

શ્રીમદ્ મુંબઈમાં હીરામોતીનો વેપાર કરતા હતા. બધા વેપારીઓમાં તેઓ સૌથી વિશ્વાસપાત્ર વેપારી તરીકે જાણીતા થયા હતા.

એક આરબ વેપારી પોતાના નાના ભાઈ સાથે મુંબઈમાં મોતીની દલાલીનો વેપાર કરતો હતો.

એક દિવસ નાના ભાઈને વિચાર આવ્યો કે, આજે આપણે પણ મોટા ભાઈની પેઠે મોતીનો વેપાર કરીએ. તેથી જે માલ પરદેશથી આવેલો એ લઈને તે બજારમાં ગયો.

ત્યાં એક દલાલને તેણે કહ્યું, ''કોઈ સારા પ્રામાણિક શેઠ મને બતાવ.''

દલાલ તેને શ્રીમદ્‌ની દુકાને લઈ ગયો. શ્રીમદ્દે બધો માલ બરોબર ચકાસી જોયો અને તેની વ્યાજબી કિંમત ગણી આપી. પેલો નાનો ભાઈ નાણાં લઈને ખુશ થતો પોતાને ઘેર ગયો.

મોટા ભાઈ ઘેર આવ્યા એટલે તેણે વેપારની વાત કહી સંભળાવી. મોટા ભાઈએ જોયું કે, નાનો ભાઈ સોદો કરવામાં છેતરાયો તો નથી. શ્રીમદ્દે બરોબર કિંમત આંકી આપી હતી.

પરંતુ વાત એમ હતી કે, જે માણસનો એ માલ હતો એનો તે જ દિવસે કાગળ આવ્યો હતો. એમાં તેણે ખાસ લખ્યું હતું કે, અમુક રકમ સિવાય એ માલ વેચશો નહીં. નાનો ભાઈ એ રકમ કરતાં ઘણી ઓછી રકમમાં એ માલ શ્રીમદ્‌ને વેચી આવ્યો હતો.

હવે શું થાય? આ તો જબરી ખોટ ખાવાનો વારો આવ્યો! તે અકળાઈને બોલી ઊઠ્યો, ''અલ્યા આ તેં શું કર્યું? મારે તો દેવાળું જ કાઢવું પડશે!''

તે વેપારી હાંફળો ફાંફળો શ્રીમદ્ પાસે દોડી ગયો. તેણે શ્રીમદ્‌ને પેલા માણસનો કાગળ વંચાવીને કહ્યું, ''સાહેબ, મારા પર રહેમ કરો. નહીં તો હું ગરીબ માણસ પાયમાલ થઈ જઈશ!''

બાજુમાં અમને આમ અકબંધ પડેલો માલ બતાવીને શ્રીમદ્દે કહ્યું, ''ભાઈ, તમારો માલ આ રહ્યો. તમે ખુશીથી લઈ જાઓ.''

એમ કહીને શ્રીમદ્દે પેલા આરબને એનો માલ પાછો સોંપી દીધો અને નાણાં ગણી લઈ લીધાં. જાણે કંઈ સોદો કર્યો જ નથી એમ, હાથમાં આવેલો નફો જતો કર્યો.

એ આરબ શ્રીમદ્‌ને ખુદાના બંદા જેવો જ માનવા લાગ્યો.



# વાત્સલ્યમૂર્તિ પ્રતિમા

સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રસિદ્ધ સંત ગણાતા મુક્તાનંદજી. તેમને ઘણા બાળ શિષ્યો હતા. બાળ શિષ્યો સહિત રોજ તેઓ એકટાણું કરતા. એકવાર તેઓ પોતાના બાળ શિષ્યોની સાથે કોઈ ગામમાં ગયા. ત્યાં મંદિરમાં ઉતારો કર્યો.

બાળ શિષ્યોને મંદિરમાં મૂકીને સ્વામીજી કોઈ ભક્તને ત્યાં કીર્તન કરવા ગયા. આમ તો સ્વામીજીના ભજનમાં બાળશિષ્યો બેસતા એટલે સવારના ભૂખ લાગતી છતાં આ રીતે સમય નીકળી જતો, પણ આજે મંદિરમાં સાવ એકલા પડી જતાં બાળ સંન્યાસીઓને કકડીને ભૂખ લાગી. એકટાણાનું રોજિંદું વ્રત આજે પાળવાનું અશક્ય બની ગયું. તેમણે મંદિરમાં પડેલા વાસી રોટલા ખાવાનું શરૂ કરી દીધું.

અડધુડપધું ખાધું ત્યાં તો સ્વામીજી આવી ગયા. એકટાણાંના વ્રતનો ભંગ કરીને બાળ સાધુઓને ભોજન કરતાં તેમણે જોયા. બાળ સાધુઓ પણ સ્વામીજીને જોઈને ખૂબ ગભરાઈ ગયા. સ્વામીજી હવે વઢશે એમ વિચારી શિષ્યો થથરવા લાગ્યા. પણ સ્વામીજી તો વાત્સલ્યમૂર્તિ હતા. જાણે પોતે કંઈ જોયું જ નથી તેમ બૂમાબૂમ કરવા લાગ્યા કે, ''મને આજે સખત ભૂખ લાગી છે. આજે મારાથી એકટાણાનું વ્રત પાળી શકાય તેમ નથી.'' આમ બોલીને બાળ સંન્યાસીઓ સાથે તેઓ પણ ભોજન કરવા બેસી ગયા.

બાળ સંન્યાસીઓના હૈયે અપાર શાંતિ થઈ. આમ, સ્વામીજીએ એમને હૈયાના હેતથી નવડાવી નાખ્યા.



# દાદાજી કહે છે.....



## જેનું નિદિધ્યાસન કરો...

પ્રશ્નકર્તા : દાદા નિરંતર યાદ રહે છે એ શું છે ?

દાદાશ્રી : એ નિદિધ્યાસન કહેવાય, નિદિધ્યાસનથી તે રૂપ થવાય અને એની બધી શક્તિ પોતાને પ્રાપ્ત થાય. આ દાદાનું નિદિધ્યાસન કરીએ તો એમનામાં જે ગુણો છે ને તે આપણામાં ઉત્પન્ન થાય. આ અમારું નિદિધ્યાસન એ જ ભક્તિ છે. જ્ઞાનીનું નિદિધ્યાસન એ છેલ્લી ભક્તિ છે.

પ્રશ્નકર્તા : દાદા, આપના સ્મરણ અને નિદિધ્યાસનમાં કંઈ ફેર ખરો ?

દાદાશ્રી : નિદિધ્યાસન તો મુખારવિંદ સાથે રહે (મોઢું દેખાયા કરે) અને સ્મરણ મુખારવિંદ વગર રહી શકે. મુખારવિંદ સાથેનું નિદિધ્યાસન બહુ કામ કાઢી નાખે. 'દાદા' 'એક્ઝેક્ટ' ના દેખાય તેનો વાંધો નથી. આંખો ના દેખાય તોય વાંધો નથી, પણ મૂર્તિ દેખાવી જોઈએ. જેનું નિદિધ્યાસન કરીએ તે રૂપ થવાય. દાદા 'એક્ઝેક્ટ' દેખાય તો તે સ્વરૂપ થવાય, દાદાનું સ્મરણ રહે તોય સારું ને નિદિધ્યાસન રહે તોય સારું.

નિદિધ્યાસન એટલે શું કે કોઈને જોઈને થાય કે 'આ સરસ દેખાય છે' એ વિચાર કર્યો અને જેટલી વાર રહ્યો, એટલી વાર નિદિધ્યાસન થયું કહેવાય. વિચાર કર્યો કે તરત નિદિધ્યાસન થાય અને પછી એવો પોતે થઈ જાય.

આ કોઈ ગ્રેજ્યુએટ માણસ હોય પણ જો એ ખેતરમાં જઈને બળદિયા જ ચલાવે તો બળદિયા રૂપ થઈ જાય. જેના સંગમાં આવ્યો અને જેનું નિદિધ્યાસન થાય એ રૂપ થઈ જાય.

દાદાનું નિદિધ્યાસન નિરંતર રહેવું જોઈએ. આંખ મીંચીને દાદા દેખાય તો કુસંગ અડે જ નહીં ને!


૧૬

## તમારી નાનકડી સ્ટોરી બુક કેવી રીતે બનાવશો?

૧. પીન પત્તુ ફાડી લો, જ્યાં કાતર દેખાડી છે, એ લાઈન પર કાતરથી કાગળ કાપો.

૨.બાજુમાં દેખાડ્યા પ્રમાણે પાના નંબર જોઈ એકની નીચે એક એમ ગોઠવો.

૩. ગોઠવ્યા બાદ પાનાની થપ્પીને વચ્ચેથીવાળો અને ત્યાં સ્ટેપલર મારો.





**તમારી પોકેટ સ્ટોરી બુક તૈયાર!!!**


૧





૧૪





૩




૨


એક વૈધ હતા.
રસ્તામાં એમને બે બિમાર
વ્યક્તિઓ મળ્યા. એક ૮૦-૮૫
વર્ષના ઘરડા બાપા હતા અને
બીજો ત્રીસ વર્ષનો યુવાન હતો.


૧૫


ચિંતવે એવું થાય.
નેગેટિવ ચિંતવનની અસર ઊંધી થાય.
પોઝિટિવ ચિંતવનની અસર સવળી થાય.

૪


ઘરે જઈને એમણે બે ચિઠ્ઠી લખી.
ઘરડા બાપા માટે લખ્યું
હવે તમારે ત્રણ-ચાર દિવસ જ
છે માટે ભગવાનનું નામ લો
અને ધર્મ ધ્યાનમાં સમય કાઢો.


૧૩


વૈધ ને તપાસ કરતા જાણવા મળ્યું કે બન્નેની ચિઠ્ઠી
અદલાબદલી થઈ ગઈ હતી. તેથી ઘરડા બાપાને
નખમાંય રોગ નથી એવું જાણીને 'હું એકદમ સાજો
છું' એવા વિચારોમાં રહેવા લાગ્યા, અને યુવાન 'હવે
હું મરી જવાનો છું' એવા વિચારોમાં રહેવા લાગ્યો.

૧૨


પછી વૈધ યુવાન પાસે ગયા. યુવાન તો બિચારો મરવા જેવો થઈ ગયો હતો.
અરે આ શું હાલત થઈ ગઈ તારી?
તમારી ચીઠ્ઠી વાંચી ત્યારથી મારી આ હાલત થઈ ગઈ છે.

૫


યુવાન માટે લખ્યું
તું ખોટી શંકા રાખે છે. તને નખમાંય રોગ નથી. નિરાંતે ખા-પી અને મજા કર. કશું ચિંતા કરવા જેવું છે જ નહીં આનંદમાં રહેજે.


૧૦


બીજા દિવસે.
લાવને આજે પેલા બે જણને જોઈ આવું.

૭


બાપા ચિઠ્ઠી વાંચીને ખુશ થઈ ગયા.
ઓહ ! સરસ, હું તો એકદમ તંદુરસ્ત છું.

૬




માણસ સાથે ચિઠ્ઠી મોકલાવી. માણસે ચિઠ્ઠી આપવામાં ભૂલ કરી. ઘરડા બાપાની ચિઠ્ઠી યુવાનને આપી અને યુવાનની ચિઠ્ઠી ઘરડા બાપાને આપી.


૧૧



જોયું તો ઘરડા બાપા નિરાંતે ચા અને ગાંઠિયા ખાતા હતા.
કાકા, તમે તો બહુ આનંદમાં દેખાઓ છો. શું વાત છે ?
જ્યારથી તમારી ચિઠ્ઠી વાંચી ત્યારથી હું આનંદમાં રહેવા લાગ્યો છું અને તબિયત પણ સારી થતી ગઈ. હવે હું હરું છું, ફરું છું, ખાઉં છું, પીઉં છું, મજા કરું છું.


૮



તેઓ બજારમાં ગયા અને નિરાંતે ગાંઠિયા ને ચા ખાધા. અને મજાથી એ તો ફરવા માંડ્યા બીજે દહાડે.


૯



બીજી બાજુ,
શું ! હું બે ત્રણ દિવસ જ જીવવાનો છું !
આમ ઢીલા પડતા પડતા બીજા દિવસે તો એ એટલો બધો માંદો પડી ગયો, કે મરવા જેવો થઈ ગયો.

# ફૂડ કોર્નર

## આહાર તેવું મન, પાણી તેવી વાણી



પ્રશ્નકર્તા : બુદ્ધિ અને ખોરાકને કંઈ સંબંધ ખરો ?

દાદાશ્રી : ખોરાક, પાણી અને આ હવા એ બધું બુદ્ધિ ઉપર અસર કરે. આહાર તેવું મન અને પાણી તેવી વાણી. જેવું અન્ન ખાવ તેવું મન બને. માટે અન્ન ચોખ્ખું ખાવું જોઈએ, તો મન સારું થાય. માંસાહાર એક મહિનો, બે મહિના ખાવ તો મગજ, મન જાડું થઈ જાય. સારા વિચારો આવતા બંધ થઈ જાય અને શાકાહારી આહારવાળાને બધી જાતના વિચાર આવે. બધા ખોરાકની અસર હોય છે.

## બહારના ખોરાકની અસર



દાદાશ્રી : શુદ્ધ આહાર ખાવાથી આપણને બહુ શુદ્ધતા ઉત્પન્ન થાય છે. આ બહારનો જે આહાર ખાય છે ને, એ આહારમાં જે બનાવનારા છે એના પરમાણુ કામ કરે. દા.ત. બનાવનારના મનમાં કોઈને હેરાન કરવાના, વેર લેવાના એવા હિંસક ભાવ ચાલતા હોય અને એ આહાર આપણે ખાઈએ તો આપણા મન પર એ હિંસક ભાવની અસર પડે. આપણી વૃત્તિઓ હિંસા ભણી જાય. તેથી હોટલનું ના ખવાય. બહુ ભૂખ લાગી હોય તો બહાર કંઈ દૂધ પી લેવું જરા.

પ્રશ્નકર્તા : એટલે કોઈ ક્રોધવાળી બાઈ હોય, એણે ખાવાની રોટલી બનાવી હોય, ને આપણે ખાઈએ તો શું થાય ?


દાદાશ્રી : એય પરમાણુ અસર બતાડેને. એય નુકસાનકારક છે.

## અસર પ્રસાદના પરમાણુઓની

માટે અહીં સત્સંગમાં નાસ્તાઓ કરાવડાવે છે. તે આ નાસ્તો એવી રીતે બનાવેલો છે કે જેના પેટમાં આના પરમાણુ અંદર જશેને, એ માણસના પરમાણુમાં ફેરફાર કરશે. એટલા માટે તો આ બધા નાસ્તા આપવામાં આવે છે. બાકી આ ભૂખ સંતોષવા માટે નથી કે સ્વાદ માટે નથી. આવા તેવા મોજશોખ અહીં ના હોય. અહીં તો આ નાસ્તો પેટમાં જશે ને, તમારા પરમાણુ ફેરફાર થશે કારણ કે કેમ કરીને લોકોનું કલ્યાણ થાય એ ભાવથી બનાવવામાં આવ્યું છે માટે એ પરમાણુ ચેન્જ કરી આપે. માટે અહીં પ્રસાદ અચૂક ખાજો.


# ચાલો રમીએ....

## ૧





અહીં આપેલ આકૃતિમાં ૧ થી ૮ નંબર ગોઠવવાના છે.એક વર્તૂળમાં એક નંબર મૂકવાનો રહેશે,આ નંબરને એવી રીતે મુકશો કે જેથી તે એકબીજાથી એક નંબર આગળ-પાછળ હોય.(જેમ કે ૧ અને ૨,૩ અને ૪,૫ અને ૬...વગેરે) અને આ નંબર એકબીજાથી સીધી લાઈન દ્રારા જોડાયેલા વર્તૂળમાં મુકી શકાશે નહીં.

## ૨




બાજુમાં આપેલા દસ ઝાડને પાંચ સીધી લાઈનમાં એવી રીતે ગોઠવો કે દરેક લાઈનમાં ૪ ઝાડ આવે. લાઈન આડી, ઉભી અથવા ત્રાંસી હોઈ શકે છે.

## ૩



આકૃતિમાં દર્શાવેલ ચાર ઊપરા-ઊપરી વર્તૂળને પેન્સિલથી એવી રીતે દોરો કે જેથી એક સળંગ લાઈનમાં આવે.પેન્સિલનો પોઈન્ટ ઊઠાવી શકાશે નહીં.અને દોરેલી લાઈન પર ફરીથી દોરી શકાશે નહીં.

## ૪





અહીં આપેલ ચોરસમાં તમારે Aથી B સુધી જવાનું છે.ધ્યાન એ રાખવાનું છે કે રસ્તો દરેક નાના ચોરસમાંથી પસાર થવો જોઈએ. સીધી કે આડી લાઈનમાંથી પસાર થઈ શકાશે. ત્રાંસી લાઈનમાંથી પસાર થઈ શકાશે નહીં. જે નાના ચોરસમાં મશરૂમ આપેલા છે તે બધા ચોરસ છોડવાના રહેશે. તો ચાલો હવે.. Aની નીચે બતાવેલા રસ્તાથી શરૂઆત કરીએ.

## ૫




અહીં આપેલ ત્રણ પાંસાઓની બાજુઓ પર ત્રણ નંબર આપેલા છે. ત્રણેય પાંસાઓને એવી રીતે લાઈનમાં ગોઠવોકે જેથી ત્રણ આંકડાનો એવો નંબર બને જે૭ થી ભાગી શકાય.

## ૬




ચાલો, પેપરનો ક્યુબ બનાવતા શીખીએ.

# મનગમતી


હલ્લો દીપકભાઈ, જય સચ્ચિદાનંદ
હું તને યાદ છું ? ક્યાં ખોવાઈ ગયો હતો ? કેટલા દિવસે દેખાયો.
હું બેબી એમ.એચ.ટી બનીને પાછો આવ્યો છું.
સરસ
જૂઓ ! દીપકદાદાને હું યાદ છું.

# વા ર્તા


આવ, તને ચોકલેટ આપું.


ઉભો રહે, ગયા વખતની
જેમ પાછો ક્યાં ભાગે છે ?


વિધી કરી લે. પછી જા.


હવે જોરદાર પુરુષાર્થ કર
જેથી પાછું ન આવવું પડે.

# દયાનંદ સરસ્વતી

મહર્ષિ દયાનંદ અનૂપ શહેરમાં રોકાયા હતા. એ દિવસોમાં સૈયદ મોહમ્મદ નામના ત્યાં એક અમલદાર હતા. તેઓ સ્વામીજીના સત્સંગથી પ્રભાવિત થઈ એમની ભક્તિમાં જ ભળી ગયા હતા.

એક દિવસ એક બ્રાહ્મણ સ્વામીજી પાસે આવ્યો અને નમસ્કાર કરી એમને એક પાન આપ્યું અને એમને ખાવા માટે વિનંતી કરી. મહર્ષિએ સહજ સ્વભાવે એ પાન મોઢામાં મૂકી દીધું, પરંતુ એના રસનો સ્વાદ લેતાંની સાથે જ તેઓ સમજી ગયો કે એમાં ઝેર મેળવેલું છે. એમણે બ્રાહ્મણને તો કશું કહ્યું નહીં, પણ તરત જ ઝેરની અસર નષ્ટ કરનારી અમુક યોગ ક્રિયા કરવા ગંગા કિનારે ચાલ્યા ગયા. ક્રિયા પૂરી કરી તેઓ ફરી આસન પર આવી બેસી ગયા.

પરંતુ પાપ કંઈ કોઈનું છૂપું રહે છે ? અમલદાર સાહેબને આની જાણ થઈ ગઈ. મહર્ષિ પ્રતિ માન હોવાને કારણે તેમણે એ બ્રાહ્મણને દંડ આપવા માટે સિપાઈઓને એને પકડવા મોકલ્યા અને આખરે એને કેદખાનામાં બંધ કરી દીધો અને પછી મહર્ષિના દર્શન માટે ગયા.

મહર્ષિને આ વાતની જાણ થઈ. અમલદાર જ્યારે એમની પાસે આવ્યા ત્યારે મહર્ષિએ રોજ જેવો સામાન્ય વ્યવહાર જ કર્યો. એનાથી અમલદારને ઘણું આશ્ચર્ય થયું અને વિચારવા લાગ્યા કે મને આશીર્વાદ આપવાની જગ્યાએ મારી સાથે મહર્ષિ આવો વ્યવહાર કેમ કરે છે ?"

અમલદારે ઘણી વિનમ્રતાથી કારણ પૂછ્યું ત્યારે મહર્ષિએ કહ્યું, ''મેં સાંભળ્યું છે કે તમે પાનમાં વિષ આપનાર વ્યક્તિને કેદખાનામાં બંધ કર્યો છે, હું આ સાથે સહમત નથી.''


અમલદારે આશ્ચર્ય સાથે પૂછ્યું, 'પણ કેમ ?'

મહર્ષિએ ઘણા ગંભીર શબ્દોમાં કહ્યું, ''ભાઈ સાંભળ ! હું આ સંસારમાં મનુષ્યોને બંધન આપવા નથી આવ્યો, પરંતુ બંધનોથી મુક્ત કરવા માટે આવ્યો છું. જો દુષ્ટ પોતાની દુષ્ટતા નથી છોડતો તો આપણે આપણી શ્રેષ્ઠતા પણ ન છોડવી જોઈએ.''

આ શબ્દો સાંભળી અમલદારનું માથું મહર્ષિના ચરણોમાં ઝૂકી ગયું. એમણે જીવનમાં આવા ક્ષમાશીલ અને શત્રુના પણ શુભચિંતક વ્યક્તિ નહોતા જોયા. તત્કાળ ત્યાંથી જઈને એમણે કેદખાનામાંથી બ્રાહ્મણને મુક્ત કરી દીધો.


બ્રાહ્મણને જ્યારે આખી ઘટના વિશે ખબર પડી ત્યારે એ હૃદયથી અત્યંત પશ્ચાતાપ કરવા લાગ્યો અને તરત મહર્ષિ પાસે જઈને એમની ક્ષમા માંગી.

મહર્ષિએ ખૂબ પ્રેમથી કહ્યું, ''મારા હૃદયમાં તારા પ્રતિ કોઈ અભાવ નથી. જા, પરમાત્મા તને સદ્‌બુદ્ધિ આપે.''




# પઝલના જવાબ


૧




૨



૩



૪



૫



સ્વામી પ્રક્ષાલ
દ્વારા બાળકોની અદ્‌ભુત ભક્તિ...



"એડજસ્ટ એવરીવેર"ના
સેશનની શરૂઆત, અવરોધરૂપી પ્રવેશ દ્વારા..



આરતીદરમ્યાન
બાળકો ભક્તિમાં તરબોળ...




વીતરાગ ભગવાન માટે..
ભવ્યાતી ભવ્ય હાર.








આનંદમાં ઝૂમતા બાળકો...



નાના ભૂલકાઓ દ્વારા,
ડાન્સ પરફોર્મન્સ..

કલાત્મક પ્રવૃતિઓમાં
તલ્લીન થયેલા, નાનકડા ચિત્રકારો..



યાદગીરી તરીકે,
બાળકોને કલરફૂલ રબરબેન્ડની ભેંટ..





બાળકો દ્વારા જ..
આરતીની થાળીની સજાવટ..



## મુંબઈ કિડ્સ કેમ્પની ઝલક

Akram Express

May 2013
Year : 5, Issue :9
Conti. Issue No.: 57

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month




## અંબા સ્કૂલ ફોર એક્સેલન્સ

### એડમિશન ઓપન (ગુજરાતી માધ્યમ)

અક્રમ સાયન્સના બેઝથી તૈયાર થતી ભાવિ પેઢી કે જે, અડાલજ ત્રિમંદિર સંકુલ, A.T.P.L માં આવેલ 'અંબા સ્કૂલ ફોર એક્સેલન્સ' માં આ વર્ષ (૨૦૧૩-૧૪)થી ગુજરાતી માધ્યમમાં ધોરણ-૧૧,૧૨ માં સાયન્સ અને કોમર્સ પ્રવાહ ચાલુ કરેલ છે. પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ સત્વરે પોતાનું નામ ફોન પર રજીસ્ટ્રેશન કરાવવું.રજીસ્ટ્રેશન થયા બાદ ઈન્ટરવ્યૂ પ્રોસેસ કરીને એડમિશન આપવામાં આવશે.

આ ઉપરાંત નર્સરીથી ધોરણ-૧૦ સુધી પણ પ્રવેશ ચાલુ છે.

સ્કૂલ એડ્રેસ- A.T.P.L, ત્રિમંદિર સંકુલ, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ, ગાંધીનગર-૩૮૨૪૨૧
ફોન નંબર- ૭૬૯૮૯૮૯૬૬૬
ઈ-મેઈલ એડ્રેસ- info@ambaschool.com

## અક્રમ એક્સપ્રેસના વાચકોને...

બાળમિત્રો,

દર મહિને આપણે મળીએ તો છીએ પણ હું તમને પૂછવાનું ભૂલી જાઉં છું ચાલો, આજે પૂછી લઉં. તો મિત્રો, તમને અક્રમ એક્સપ્રેસ વાંચવાનું ગમે છે ? અક્રમ એક્સપ્રેસ વાંચ્યા પછી તમારા જીવનમાં કેવો ફેરફાર તમે અનુભવો છો ? એ અમને જરૂરથી જણાવજો જેથી અમને તમારા માટે વધુ ને વધુ સારા અંકો બનાવવા માટે પ્રોત્સાહન મળે. તમારા અનુભવો અમને નીચે આપેલા એડ્રેસ અથવા e-mail id પર જરૂરથી મોકલાવશો.

બાળવિજ્ઞાન વિભાગ, ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, મુ.પો.- અડાલજ, જી.-ગાંધીનગર - ૩૮૨૪૨૧, e-mail:akramexpress@dadabhagwan.org



<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.